## ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૩/ક્વા-૦૪/૨૦૨૩-૨૪ / No 127 તા. 18 JUN 2024

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
મધુકાન્ત બાલુભાઈ વધાસિયા
મુ.કાલસારી, ખળાવાડ પ્લોટ,
તા. વિસાવદર,
જી. જુનાગઢ, પીનકોડ :૩૬૨૧૩૦ મોબાઈલ :૯૪૨૮૦૮૬૯૬૨

**વિષય :** મીટર લેબોરેટરી આંતરિક તપાસની ઓડિટ આધારે આકારણી થયેલ બળેલ મીટર ચાર્જ ભરવા સામે રજુઆત બાબત.

**સંદર્ભે :** મધુકાન્ત બાલુભાઈ વધાસિયા ની મળ્યા તારીખ: ૧૯.૦૩.૨૦૨૪

( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૬૩/ક્વા-૦૪/૨૦૨૩-૨૪)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય-૧,

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વિસાવદર-૧

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૩/ફ્વા-૦૪/૨૦૨૩-૨૪/ No 127 તા. 18 JUN 2024

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૬૩/ફ્વા-૦૪/૨૦૨૩-૨૪**

અરજદાર: શ્રી મધુકાન્ત બાલુભાઈ વધાસિયા, ગામ – કાલસારી,
સબડીવીઝન: વિસાવદર-૧

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય-૧,

**:: ફોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | : શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : શ્રી વી.જી.મારકણા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ,વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: ૨૦-૦૫-૨૦૨૪ (સોમવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૫-૨૦૨૪ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ બન્ને પક્ષકાર હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, નમ્ર પણે મારી તકરાર નિવારણ ફોરમ સામે રજૂઆત કરવાની કે હું કાલસારી ગામે નાની ખેતી ધરાવતો ખેડૂત છું અને મારા ખેતરમાં ગ્રાહક નં. ૩૫૯૬૬/૦૧૬૨૯/૧ વીજ જોડાણ ધરાવું છું. તાજેતર માં મારા ખેતરમાં વિજ મીટર માં એક નાનકડી ઉંદરડીએ પોતાના બચ્ચા ઉછેરવા માળો બનાવી વસવાટ કર્યો હતો. અને તેમાં ઉંદરડીની અવર જવર અને નિર્માણ તેના માળાને કારણે મીટરના વીજ જોડાણના સંપર્ક માં ક્યાંક ખલેલ થઈ હોવાથી મિટરમાં સ્પાર્કીંગ થવાથી મિટર ક્ષતિગ્રસ્ત થયું હતું, જેની રજૂઆત સંદર્ભે મારે ત્યાં જૂનું મિટર બદલી નવુ મિટર ઈન્સટોલ કરવામાં આવ્યુ છે. મિટરની કેબીનેટમાં નાના જીવો અવરજવર

કરી શકે તેટલી જગ્યા રહેતી હોવાનાં કારણે આજેય એક ગરોળી નો કાયમી આ મિટરમાં વસવાર રહે છે. આ અંગે મે સંબંધકર્તા વિસાવદરનાં જવાબદાર અધિકારીશ્રી ને મળીને મારી સઘળી વિગત તેમને જણાતી હતી. હું જાણુ છું કે વિજ લોડનાં વધવાથી સામાન્ય રીતે કરન્ટ કોઈલ (સીસી ને નુકશાન થતાં તે બળતી હોય છે. મારા વિજ જોડાણમાં વધુવિજ લોડ ઈન્સટોલ થયો નથી. આથી આવી કોઈ બાબત થવાની સંભાવના હતી જ નહી અને જ્યારે મિટર તબદીલ કરવા આવનાર કર્મચારીને પણ ઉંદરડીની માળો અને તેને કારણે બાહ્ય વિજ વાયરોની ક્ષતિ નિહાળી હતી. જે ખરેખર વિજ શીટમાં ઉલ્લેખિત કરવી જોઈએ તે કરી નથી. આથી મિટર લેબોરેટરી આંતરીક તપાસણી ઓડીટ આધારે આકારણી થયેલ છે જે બિલકુલ અયોગ્ય છે. હું નાનો ખેડૂત છું મારા માટે ૨૭૦૦ રૂપિયા ઘણાં છે. મારો કોઈ વાંક કે વિજ પ્રવહન સપ્લાયમાં ગતિરોધ થવાથી જો મુશ્કેલી થવાના કારણે મારે વિજ મીટર બળવાની નાણા બરવા પડે એ હું સમજી શકું છું. પણ પ્રાકૃતિક એક ઉંદરની મીટર કેબીનમાં ઘુસવાથી થયેલ સ્પાર્કીંગ અને એથી મીટર બળવાની વાતમાં હું દોષીત ન હોય મને ઉક્ત ચાર્જ ભરવામાંથી મુક્તી આપવા વિનંતી છે. મારી વાત બિલકુલ સત્ય છે. અને આ વાતની ખરાઈ કરવા મિટર બદલનાર કર્મચારીનું નિવેદન પણ લેશો તો ખ્યાલ આવશે અથવા મારા ખેતરે આવી સાચી હકીકત જાણી મને ન્યાય મળે એ માટે હું તકરાર નિવારણ ફોરમમાં મારી વાત રજુ કરું છું. અને ન્યાયની અપેક્ષા રાખુ છુ, અને બળેલ મિટર ચાર્જ ભરવા સામે મારી આ રજૂઆત કર છું. આશા રાખું છું કે મને આપશ્રી દ્વારા ન્યાય મળશે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 જુનાગઢ ગ્રામ્ય-૧ વિભાગીય કચેરી હેઠળની વિસાવદર-૧ પેટા વીભાગીય કચેરીમાં ગ્રાહકશ્રી મધુકાન્તભાઈ બાલુભાઈ વઘાસિયા ગ્રાહક નં-૩૫૯૬૬૦૧૬૨૯૧ થી A 2 ટેરીફનું ૨૦ હોર્સપાવરનું વિજજોડાણ ધરાવે છે. અરજદાર દ્વારા તેમના વીજ સ્થાપનમાં બળેલ મીટરનો ચાર્જ ભરવા બાબતની ફરિયાદ કરેલ છે. સદર બાબતે PGSDV/0074/04/2024 DT. 12.04.2024 દ્વારા ગ્રાહકને પ્રત્યુત્તર પાઠવેલ છે જે મુજબ અરજદાર નું વિજ મીટર તા-03.01.૨૦૨૪ ના રોજ બદલાવેલ છે જેના અનુસંધાને સદર ગ્રાહક ને મીટર ટેસ્ટિંગ લેબોરેટરી માં સયુક્ત તપાસણી અર્થે તા- ૦૧.૦૨.૨૦૨૪ અથવા 03.0૨.૨૦૨૪ અથવા ૦૫.૦૨.૨૦૨૪ ના રોજ ગ્રામ્ય વિભાગીય કચેરી -૧ આઝાદ ચોક પીજીવીસીએલ ની મીટર ટેસ્ટિંગ લેબોરેટરી માં સવારે ૯:30 કલાકે થી ૧૨.00 કલાક સુધી માં હાજર રહેવા જણાવેલ પણ સદર ગ્રાહક કે તેમના પ્રતિનિધિ ઉપર પૈકી કોઈ તારીખે હાજર ન રહેતા બોર્ડ ના મુખ્ય કચેરી પરિપત્ર ન ૫૮૬ ના પેરા ન-૩ મુજબ સદર મીટર તા-૧૫.૦૨ ૨૦૨૪ ના રોજ ગ્રાહક ની ગેર હાજરી માં સક્ષમ અધિકારીઓએ ની હાજરી માં ખોલવા માં આવેલ છે જે મીટર ચકાસણી અહેવાલ મુજબ મીટર ના ટર્મિનલ બ્લોક બળેલ જોવા મળેલ છે અને મીટર ને સિંગલ ફેજ સપ્લાય આપતા કોઈ પેરા મીટર આવેલ નથી જેથી ગુજરાત ગવર્મેન્ટ ગેજેટ

૧૯.૦૫.૨૦૧૬ ના પેરા ન ૬.૩૬ મુજબ બોર્ડ ના પ્રવર્તમાન નિયમ મુજબ સદર ગ્રાહક પાસે થી બળેલ મીટર નો ખર્ચ લેવા પાત્ર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ની રજૂઆત મુજબ અરજદારશ્રી મધુકાન્તભાઈ બાલુભાઈ વઘાસિયા ગ્રાહક નં-૩૫૯૬૬૦૧૬૨૯૧ થી A 2 ટેરીફનું ૨૦ હોર્સપાવરનું વિજજોડાણ ધરાવે છે. તેઓનું વિજ મીટર તા-૦૩.૦૧.૨૦૨૪ ના રોજ બદલાવેલ છે જેના અનુસંધાને લેબ માં ચકાસણી કરતાં મીટર ના ટર્મિનલ બ્લોક બળેલ જોવા મળેલ છે અને મીટર ને સિંગલ ફેજ સપ્લાય આપતા કોઈ પેરા મીટર આવેલ નથી જેથી ગુજરાત ગવર્મેન્ટ ગેજેટ ૧૯.૦૫.૨૦૧૬ ના પેરા ન ૬.૩૬ મુજબ કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ સદર ગ્રાહક પાસે થી બળેલ મીટર નો ખર્ચ લેવા પાત્ર છે.

૪.૨ પીજીવીસીએલ કંપની દ્વારા લેબ માં હાજર રહેવા માટે નોટિસ આપવામાં આવેલ તેમાં તેઓ હાજર રહેલ નથી. વધુમાં પીજીવીસીએલ કંપનીના પરિપત્ર નં. GUVNL/SE TECH-4/EET-2/DE-2/2053 DT. 22.12.2023 મુજબ કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે અને બળેલ મીટર ની નુકસાની પેટે ૨૨૭૫/- રૂપિયા ની રિકવરી કરવાની થાય છે તે નિયમાનુસાર યોગ્ય છે.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી વી.જી.મારકણા | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જીલ્લા સેવા સદન-3, ત્રીજો માળ,બ્લોક નં. ૧, સરકારી પ્રેસ રોડ, ફોન નં.-૦૨૮૧-૨૯૯૪૧૨૫, રાજકોટ-૩૬૦૦૦૧